| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૩/૨૬ | | |
| નોંધણી તારીખ | ૦૩/૦૩/૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૨/૦૩/૨૬ | | |
| અવધિ | વર્ષ | મ | દી |
| | ૦ | ૦ | ૯ |

**ખેડા જીલ્લાના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબ સમક્ષ, મું. નડીઆદ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૬૪/૨૦૨૬**
**આંક :**

**અરજદાર :-** સુખરામ સ.ઓ. નિમ્બારામ ક્રિષ્નારામ જાટ
રહે. રાયમલવાડા કડવાસરો કી ઢાણી, તા. બાપીણી,
જી. ફલોદી ( જોધપુર), રાજસ્થાન.

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** સરકારશ્રી

**ભારતીય નાગરીક સુરક્ષા સહીતા કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.**

**(જુના કાયદા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૩૯ મુજબ)**

અરજદાર તરફે વિ. વ. શ્રી પી.એ.વાઘેલા

સામાવાળા તરફે વિ. પી.પી.શ્રી ડી.આર.બારોટ

# -:: ચુ કા દો ::-

(૧) અરજદાર/આરોપીએ મહુધા પો.સ્ટે. પ્રોહી. ગુ. રજી. નં. ૧૧૨૦૪૦૩૯૨૬૦૦૧૭/૨૦૨૬ થી પ્રોહી. એકટ કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે અરજદાર / આરોપીએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની આ અરજી ભારતીય નાગરીક સુરક્ષા સહીતા કલમ-૪૮૩ અન્વયે દાખલ કરેલ છે.

(૨) સદર અરજી અત્રેની કોર્ટમાં દાખલ થતા રજીસ્ટરે લઈ સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલ. જે અનુસંધાને શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટ હાજર થયેલ છે તેમજ પોલીસ પેપર્સ વંચાણ માટે રજુ રાખેલ છે.

(૩) અરજદાર તરફે વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રી પી.એ.વાઘેલાએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર નિર્દોષ છે, કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. વધુમાં દલીલ કરી જણાવેલ છે કે, વધુમાં એફ.આઈ.આર. ધ્યાને લેતા તેમાં હાલના અરજદારનું નામ જણાવેલ નથી પરંતુ હાલના અરજદારને આઈસર ગાડીના માલીક તરીકે અટક કરેલ છે. વધુમાં આઈસરમાંથી મળી આવેલ પ્રોહી. મુદામાલ અરજદારની માલીકીનો નથી કે અરજદારના કબજા ભોગવટામાંથી મળી આવેલ નથી. વધુમાં ગુનાના કામે વધુમાં તપાસના કામે તમામ મુદામાલ રીકવર ડિસ્કવર થઈ ગયેલ છે. વધુ કોઈ મુદામાલ રીકવર કરવાનો બાકી નથી. વધુમાં અરજદારનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. વધુમાં અરજદાર કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ દરમ્યાન અરજદારની હાજરી

આસાનીથી મળી શકે તેમ છે તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ અરજદારને પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બનવુ ન પડે તેમજ ટ્રાયલ દરમ્યાન અરજદારની હાજરી આસાનીથી ઉપલબ્ધ થઈ શકે તેમ હોય અરજદારને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) જયારે સામાવાળા સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટે જામીન અરજીનો ભારપુર્વક વિરોધ કરતા જણાવેલ છે કે, જે આઈસર ગાડીમાંથી કહેવાતો પ્રોહી. મુદામાલ કબજે કરેલ તે આઈસર ગાડીના હાલના અરજદાર માલીક છે અને હાલના અરજદારે અન્ય આરોપીને ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરી કરવા માટે કબજે કરેલ આઈસર ગાડી ભાડે આપેલ હોવાનું તપાસમાં ખુલવા પામેલ છે. વધુમાં ખુબ જ મોટા પ્રમાણમાં રૂા. ૧૫,૦૦,૦૦૦/– નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલ છે. હાલમાં તપાસ ચાલુ છે, અન્ય આરોપીઓને પકડવાના બાકી છે જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો તપાસમાં વિક્ષેપ પડે તેમ હોય તેમજ હાલના અરજદાર ગુજરાત રાજયના વતની નથી. જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહે તેવી શકયતા જણાય આવતી ન હોય અરજદારની પ્રથમદર્શનીય સંડોવણી હોય જામીન મુકત નહી કરવા અરજ કરેલ છે.

(૫) હાલના કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોઈએ આઈસર ગાડી નં. આર.જે. જી. એચ. ૪૬૬૬ માં બીયર ટીન નં. ૩૭૨૦ કિ. રૂા. ૮,૧૮,૪૦૦/– તથા ૧૮૦ મી.લી.ના કવાર્ટર નંગ કુલ –૨૨૫૬

કિ. રૂા. ૬,૨૦,૪૦૦/- તથા આઈસર કિ. રૂા. ૧૦,૦૦,૦૦૦/- મળી કુલ રૂા. ૨૪,૩૯,૩૦૦/- ના પ્રોહી. મુદામાલની ગે.કા. રીતે હેરાફેરી કરી આઈસર ગાડીનો ચાલક/આરોપી વિદેશીદારૂનો જથ્થો ભરેલ આઈસરને સ્થળ ઉપર મુકી નાસી ગયેલ હોવા મતલબની ફરીયાદ નોંધવામાં આવેલી અને તે અન્વયે તે મહુધા પો.સ્ટે. પ્રોહી. ગુ. રજી. નં. ૧૧૨૦૪૦૩૯૨૬૦૦૧૭/૨૦૨૬ થી પ્રોહી. એકટ કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબનો ગુનો નોંધાયેલો.

હાલના કામે તપાસના કામે તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ તથા તપાસના કાગળો ધ્યાને લેતા જે આઈસર ગાડીમાંથી કુલ રૂા. ૧૫,૦૦,૦૦૦/- નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલ તે આઈસર ગાડીના માલીક છે. વધુમાં વિધ્વાન સરકારી વકીલશ્રીની દલીલ કે, હાલના અરજદારે તેમની માલીકીનું આઈસર ભારતીય બનાવટના વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરવા માટે ભાડેથી આપેલાનું તપાસમાં ખુલવા પામેલ છે. વધુમાં હાલના તબકકે તપાસ ચાલુ છે અને અન્ય આરોપી કે જેઓ સ્થળ ઉપરથી નાસી ગયેલ તેઓને પકડવાના બાકી છે અને તેથી હાલના અરજદારને જામીન મુકત કરવામાં આવે તો તપાસમાં અવરોધ ઉત્પન્ન થાય તેમ છે. વધુમાં અરજદાર ગુજરાત રાજયના વતની નથી. જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજરી મળી રહે તેવી શકયતા જણાય આવી ન હોય અરજદાર વિરુધ્ધ પુરાવાનો પ્રકાર, અરજદારની વર્તણુક, આક્ષેપો, ગુનાની સજાની જોગવાઈ વિગેરે હકીકતો ધ્યાને લેતા અરજદાર /

આરોપીની તરફેણમા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૯ અન્વયેની વિવેકાધીન સતાનો ઉપયોગ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતુ ન હોય અરજદારની જામીન અરજી મંજુર કરવા પાત્ર ઠરતી ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## : આ ખ રી હુ ક મ :

(૧) આરોપી/અરજદાર **સુખરામ સ.ઓ. નિમ્બારામ ક્રિષ્નારામ જાટનાઓને** મહુધા પો.સ્ટે. પ્રોહી. ગુ. રજી. નં. ૧૧૨૦૪૦૩૯૨૬૦૦૧૭/૨૦૨૬ થી પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અન્વયે ભારતીય નાગરીક સુરક્ષા સહીતા કલમ–૪૮૩ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા અંગેની સદર ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૨૬૪/૨૦૨૬ આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૨મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૬

**(પ્રકાશકુમાર પી. પુરોહીત)**
ત્રીજા એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ
ખેડા એટ નડીઆદ.
**(જી જે–૦૦૬૮૫)**